## શ્રી એમ.વી.ચોકસી, ઓથોરીટી અંડર ધી પે.વે.એકટ, લેબર કોર્ટ, સુરત સમક્ષ

**પેમેન્ટ ઓફ વેજીસ અરજી નં. ૩૮૮/૨૦૦૮**
**આંક : ૧૦**

**અરજદાર** :– બાલક્રિષ્ણા રામરાજ પાંડે, જનરલ સેક્રેટરી તથા
અધિકાર આપેલા પરિશિષ્ટ મુજબના કામદારો.
૮/૦, વિશ્વાસ મજદુર યુનીયન,
ઠે. ૨૧, મહાદેવ કોમ્પલેક્ષ, દક્ષેશ્વર મંદિર પાસે,
ગુ.હા.બોર્ડ રોડ, પાંડેસરા, સુરત.

**વિરુધ્ધ**

**સામાવાળા** :– રોહીત એક્ષપોર્ટસ,
ઠે. પ્લોટ નં.૧૬૫/૧, રોડ નં.૨,
શ્રી રામ ઈન્ડસ્ટ્રીયલ સોસાયટી,
વીપીન સીલ્ક મીલ્સના બાજુમાં,
ઉધના મગદલ્લા રોડ, સુરત.
સંચાલક શ્રી રીતેશ એસ.સિતલાની.

**પ્રતિનિધિત્વ** :– અરજદાર તરફે :– પ્રતિનિધિ બાલક્રિષ્ણા પાંડેય.
સામાવાળા તરફે :– કોઈ હાજર નથી.

### :: ચુકાદો ::

### પગાર ચુકવણી ધારાની કલમ–૧૫(૨) મુજબની અરજી

**(૧)** અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના અરજદાર જનતા મજદુર યુનીયનના સભ્યો છે અને પરિશિષ્ટ મુજબના કામદારે અરજદારને આપેલ સત્તાની રુએ અરજી કરેલ છે. આ કામના સામાવાળાને તમામ મજુર કાયદાઓ લાગુ પડે છે અને તે તમામ કાયદાની જોગવાઈઓનું પાલન કરવાની કાયદેસરની ફરજ અને જવાબદારી છે. પરિશિષ્ટ મુજબના કામદાર સામાવાળા સંસ્થામાં પરિશિષ્ટ મુજબ વર્ષ, હોદ્દો અને પગારથી ખંત, નિષ્ઠા, પ્રમાણીકતા તેમજ વફાદારીપુર્વક ફરજ બજાવતાં હતા. કામદાર અને સામાવાળા વચ્ચે કામદાર–માલીકનો સંબંધ હતો. નોકરી દરમ્યાન સર્વીસ રેકર્ડ ચોખ્ખો છે. પરિશિષ્ટ મુજબના કામદારને સામાવાળા મજુર કાયદા મુજબના હકો અને લાભો જેવા કે, હાજરીકાર્ડ, પગારસ્લીપ, ઓળખપત્ર, હકરજા વિગેરે આપતા ન હતા. જે બાબતે કામદારે અવારનવાર સામાવાળા માલીક

પાસે માંગણી કરેલ, પરંતુ સામાવાળાએ આવા લાભો આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધેલ અને નોકરીમાંથી કાઢી મુકવાની ધમકી આપેલ. તેથી પરિશિષ્ટ મુજબના કામદારે યુનીયનમાં જોડાઈ યુનીયન મારફતે આવા લાભોની માંગણી કરતાં સામાવાળા આ કામદારને યુનીયન છોડી દેવા તેમજ તમામ માંગણીઓ ભુલી જવા ધમકી આપતા હતા. પરંતુ કામદારે યુનીયન છોડી દેવા અને માંગણીઓ ભુલી જવાની ના પાડતા સામાવાળા, કામદાર ઉપર એકાએક ઉશ્કેરાઈ જઈને કિન્નાખોરી રાખી કોઈપણ વાંક કે ગુના વગર કે અગાઉથી કોઈપણ શોકોઝ નોટીસ કે ખાતાકીય તપાસ કે ઈન્કવાયરી કર્યા વગર મૌખિક હુકમથી તા.૩૦–૫–૦૮ ના રોજ મૌખિક હુકમથી કામદારને છુટા કરી દીધેલા અને છુટા કરતા પહેલા કામદારને બાકીપગાર, નોટીસ પગાર, બેકારી વળતર, ઓવરટાઇમ કામનો પગાર, બોનસ, હકરજાનો પગાર, અઠવાડીક રજાઓનો પગાર તેમજ અન્ય લીગલ ડયુઝ ચુકવી આપેલ નહીં અને ચુકવી આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરેલ. સામાવાળા કામદાર પાસે સળંગ બાર કલાકનું કામ લેતા હતા, પરંતુ વધારાના ચાર કલાકના ઓવરટાઈમ કામના નાણાં આપતા ન હતા. જે રકમ મેળવવા કામદાર કાયદેસર રીતે હકદાર હોવા છતાં આવી રકમ સામાવાળાએ ચુકવી આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધેલ. જેથી પરિશિષ્ટ મુજબના કામદારની લેણી નીકળતી રકમની વિગત જેવી કે, માહે તા.૧–૨–૦૮ થી છુટા કર્યા તારીખ સુધીનો બાકીપગાર, નોટીસપગાર, બેકારી વળતર, ઓવરટાઇમ કામનો પગાર, બોનસ, હકરજાનો પગાર, કાયદેસર રજાનો પગાર વિગેરે વસુલ લેવા કામદારે હાલની અરજી ગુજારેલ છે અને સાથે સાથે અરજદારે આંક–રથી અરજી ગુજારી આ કામના સામાવાળાની માલમિલકત એટેચ કરી જપ્ત કરવાની અરજી કરતાં નામદાર કોર્ટે બંને પક્ષકારોને સાંભળી આંક–રની અરજી અંશત: મંજુર કરી સામાવાળાએ હુકમ મળ્યેથી દિન.૩૦માં રુા.૨૫,૬૦૦/– પુરાની બેંક ગેરંટી ઓથોરીટી સમક્ષ રજુ કરવાનો તા.૪–૬–૦૯ના રોજ હુકમ કરેલ છે.

(૨) સદર કામે સામાવાળાને ધોરણસરની નોટીસ કરતાં જે બજવા છતાં તેઓએ નામદાર કોર્ટ સમક્ષ હાજર રહી જવાબ રજુ કરેલ ન હોય આંક–૯થી સામાવાળાનો જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

(૩) સદર કામ સામાવાળાઓનો જવાબ રજુ કરવાનો હક બંધ થયા બાદ અરજદારની આંક–રની અરજી અંશત: મંજુર કરી સામાવાળાએ હુકમ મળ્યેથી દિન.૩૦માં રુા.૨૫,૬૦૦/– પુરાની બેંક

ગેરંટી ઓથોરીટી સમક્ષ રજુ કરવાનો તા.૪–૬–૦૯ના રોજ હુકમ કરેલ છે. ત્યારબાદ સદર કામ અરજદારના પુરાવા માટે રાખતા અરજદાર કે તેમના પ્રતિનિધિ હાજર નથી કોઈ અરજી કે રીપોર્ટ નથી જેથી સ્વેચ્છિક ગેરહાજરીને લક્ષમાં રાખી તા.૫–૩–૨૦૧૮ના રોજ અરજદારનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ સામાવાળાના પુરાવા માટે રાખવામાં આવતા સામાવાળા તરફે હાજર નથી કે રીપોર્ટ નથી જેથી તેમની સ્વેચ્છિક ગેરહાજરી ધ્યાનમાં રાખી તા.૭–૮–૨૦૧૮ના રોજ સામાવાળાનો પુરાવો રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ દલીલ માટે પોકાર કરતા બંને પક્ષકારો તરફે હાજર ન હોય દલીલનો હક બંધ કરવામાં આવેલ છે.

(૪) સદર કામે રેકર્ડ જોતાં અરજદારની અરજી તથા રેકર્ડ ધ્યાને લેતાં પરિશિષ્ટમાં જણાવ્યા મુજબના કામદાર સામાવાળા સંસ્થામાં નોકરીના વર્ષ, હોદ્દો અને પગારથી કાયમી સળંગ નોકરીની ફરજ બજાવતા આવેલા. આ કામના સામાવાળા પાસે પરિશિષ્ટ મુજબના કામદારની લેણી રકમ ચુકવી આપવા કાયદેસર મળવાપાત્ર હકો અને લાભોની માંગણી કરતાં સામાવાળાએ તા.૩૦–૫–૦૮ના રોજ મૌખિક હુકમથી નોકરીમાંથી છુટા કરેલ છે. સામાવાળાએ છુટા કરતાં સમયે કામદારે તેમની બાકી નીકળતી રકમ રુા.૪૭,૭૫૨/– (અંકે રુપીયા સુડતાલીસ હજાર સાતસો બાવન પુરા) ચુકવી આપેલ ન હોય અને તે રકમ સામાવાળાએ ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે રોકી રાખેલ હોય જેની દસગણી રકમ વળતર સાથે ચુકવી આપે તેવો હુકમ ફરમાવવા તથા આંક–૨ ની અરજી રજુ કરી આ કામનો આખરી નિકાલ ન આવે ત્યાં સુધી અને આ કામના સામાવાળા પરિશિષ્ટમાં જણાવ્યા મુજબ કામદારની બાકી નીકળતા લેણાની રકમની બેંક ગેરંટી નામદાર ઓથોરીટી સમક્ષ રજુ કરવા તથા ખર્ચ અપાવવા અરજ ગુજારેલ છે. જયારે સામાવાળા તરફે હાજર રહેલ નથી કે અરજદારની આંક–૧ અને આંક–૨ વિરુધ્ધ જવાબ રજુ કરેલ ન હોય આંક–૯ થી સામાવાળાનો જવાબ રજુ કરવાનો હક બંધ કરવામાં આવેલ છે.

રેકર્ડ ધ્યાને લેતાં સદર કામ ત્યારબાદ અરજદારના પુરાવા પર રાખવામાં આવેલ. પરંતુ અરજીમાં જણાવ્યા મુજબની દાદ મેળવવા માટે અરજીની તમામ હકીકત દસ્તાવેજી અને મૌખિક પુરાવાથી પુરવાર કરવાની પ્રાથમિક જવાબદારી અરજદારની હોવા છતાં અરજદાર સતત ગેરહાજર રહેલ છે અને કોઈ પુરાવો રજુ કરેલ નથી તથા તેમને કાયદેસર રીતે મળવાપાત્ર પગાર તથા અન્ય કાયદેસરની લેણી રકમ સામાવાળાએ ચુકવેલ ન હોય અને આવી રકમ પગાર ચુકવણી ધારાની

જોગવાઈ અનુસાર રોકી રાખેલ હોય તેવી હકીકત પુરવાર કરેલ નથી અને આવી અન્ય કોઈ રકમ મેળવવા હકદાર હોય તે અંગેની પુર્વપ્રસ્થાપિત હકીકત પણ મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી પુરવાર કરેલ નથી. આમ, અરજદાર જયારે તેમની અરજીમાં માંગેલ દાદ મુજબની હકીકત પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોય ત્યારે સામાવાળાએ પણ આવી હકીકત પુરવાર કરવાની રહેતી ન હોય અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા અરજદાર હકદાર થતા ન હોય નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

અરજદારની અરજી ગેરહાજરી અને પુરાવાના અભાવે નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

આ હુકમ આજરોજ તા.૧૭–૧૧–૨૦૧૮ ના રોજ જાહેર કર્યો.

સુરત.
તા. ૧૭–૧૧–૨૦૧૮

(મલય વિભાકર ચોકસી)
ઓથોરીટી અંડર ધી પેમેન્ટ
ઓફ વેજીસ એકટ, લેબર કોર્ટ, સુરત.
U.I.C.NO.GJ00831